# <u>શેઠ. ડી. એમ પોલીટેકનીક ઇન હોર્ટિકલ્ચર દ્વારા ફળ અને શાકભાજી પરીરક્ષણ અંગેના તાલીમ વર્ગનું આયોજન</u>

શેઠ.ડી.એમ પોલીટેકનીક ઇન હોર્ટિકલ્ચર છઠ્ઠા સેમેસ્ટરના વિદ્યાર્થીઓ માટે નાયબ બાગાયત નિયામક, કેનિંગ વિભાગ વડોદરાનાં સહયોગથી “કિચન ગાર્ડન અને કેનિંગ” યોજના અંતર્ગત તા: ૧૮/૦૪/૨૦૨૨ થી ૨૨/૦૪/૨૦૨૨ દરમિયાન ફળ અને શાકભાજી પરીરક્ષણ તાલીમ વર્ગનું આયોજન પોલીટેકનીક ઇન હોર્ટિકલ્ચર કોલેજના એકેડેમિક ઇન્ચાર્જ તથા વિષય શિક્ષક ડો. વિ. કે. પટેલ તથા બાગાયત સુપરવાઈઝર શ્રીમતી એન. જે. વાઘેલા દ્વારા કરવામાં આવેલ હતું. આ તાલીમમાં કોલેજનાં આચાર્યશ્રી ડો. બી. એચ. પંચાલ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરેલ. આ તાલીમમાં કુલ ૩૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ તાલીમ દરમિયાન મદદનીશ બાગાયત નિયામક, શ્રી રાજેન્દ્રભાઈ પરમાર તથા બાગાયત સુપરવાઈઝર, શ્રીમતી રશીલાબેને વિદ્યાર્થીઓને ફળ અને શાકભાજીની વિવિધ બનાવટો જેવીકે લેમન સ્કવોશ, પપૈયાની તૂટી ફ્રૂટી, મિક્ષ ફ્રુટ જામ, કાચી કેરીનો શરબત, ટામેટા કેચઅપ, સફરજનની ચટણી અને કોઠાની જેલી જેવી બનાવટો બનવાની પ્રાયોગિક તાલીમ આપી કાર્યક્રમને સફળ બનાવેલ હતો.




